ગાંધીનગર સમાચાર

દિવાળી બાદ શટલિયા વાહનચાલકોને દિવાળી...!!

@ગાંધીનગર

● ગાંધીનગર શહેર તથા તેની આસપાસના વિસ્તારમાં યોજાતા કોઈ પણ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક કે સંસ્થાકીય કાર્યક્રમની વિગત @ ગાંધીનગરમાં પ્રકાશિત કરવા કાર્યક્રમના નિર્ધારિત દિવસ કરતા એક દિવસ અગાઉ બપોરે ૧ વાગ્યા સુધીમાં ગાંધીનગર સમાચારના કાર્યાલય પ્લોટ નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ખાતે અથવા ફોન નં. ૨૩૨૨૨૫૭૧ પર સંપર્ક સાધવા વિનંતી છે.

ગોવર્ધનનાથજીની હવેલીમાં અન્નકૂટ દર્શન અને વચનામૃત

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧ ખાતે તા. ૪-૧૧-૨૦૧૮ (શુક્રવારે) અન્નકૂટ દર્શનનો સમય નીચે મુજબનો રહેશે. મંગળા-ભીતરમાં, શૃંગાર/ગોવર્ધનપૂજા-સવારે ૯.૦૦ કલાકે, રાજભોગ-ભીતરમાં, વચનામૃત બપોરે ૪.૦૦ કલાકે, અન્નકૂટ દર્શન સાંજે ૫.૦૦ કલાકે થશે. વચનામૃત યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી કરશે તેમ માનદમંત્રી રસીકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

કારના કાચ તોડી ચોરી કરતી ગેંગ બેફામ

પાર્કીંગમાંથી ચાર ગાડીઓના કાચ તોડયા : વેગનઆરમાંથી ૫૫ તોલા સોનાના દાગીના તથા અન્ય કિંમતી ચીજવસ્તુઓ અને આઈ-૨૦માંથી રોકડ તથા મોબાઈલો મળી રૂ. ૬ લાખના મુદ્દામાલની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક અડાલજ શ્રીમંદિર પાસે કારના કાચ ફોડીને તેમાંથી કિંમતી મુદ્દામાલ તથા બેગોની ચોરી કરતી ગેંગ બેફામ થઈ જવા પામી છે. ગઈ કાલે બપોરના અરસામાં ચાર-ચાર ગાડીઓનાં કાચ ફુટયા હતા અને ગેંગના હાથમાં ખુબ મોટી માલ મત્તા આવી જવા પામી હતી. એક ગાડીમાંથી ૫૫ તોલા વજનના સોનાના દાગીના તથા અન્ય મુદ્દામાલ ઉપરાંત બીજી ગાડીમાંથી પણ રોકડ તથા મોબાઈલો મળી રૂ. ૬ લાખનો મુદ્દામાલ ચોરી થવા પામ્યો હતો જયારે અન્ય બે ગાડીમાંથી કાંઈ ચોરાયું ન હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી શરુ કરી છે.

વડોદરા ખાતે તરસાલીના શરદનગર વિસ્તારમાં રહેતા વૃદ્ધા સુનિતાબેન પ્રભાકર વામન મરાઠી તેમની ચાર દિકરી પૈકી એક દિકરીના સાસરે નવા વર્ષમાં પાટણ ખાતે મળવા ગયા હતા. ગઈ કાલે સવારે વેગન આર ગાડી નં. જીજે ૨૪ એ ૮૮૦૬ લઈને સુનિતાબેન તેમની દિકરી અનુષ્કા તથા જમાઈ અનંતકુમાર અને વેવાણ જયોત્સનાબેન સાથે વડોદરા આવવા નિકળ્યા હતા. બપોરે સવા બારથી દોઢ વાગ્યાના અરસામાં અડાલજ શ્રીમંદિર પાસે તમણે ગાડી રોકી અને દર્શન કરવા તથા ભોજન પ્રસાદ લેવા ઉભા રહ્યા હતા. શ્રીમંદિર ભોજનાલય પાસે ગાડી પાર્ક કરીને તેઓ પ્રસાદ લેવા ગયા ત્યાર બાદ પરત ફર્યા અને જોયું તો તેમની ગાડીનો કાચ તુટેલો હતો. ગાડીમાં મુકેલા આશરે ૫૫ તોલા કાનની બુટ્ટી (૨૮ ગ્રામ), ગ્રામ), સોનાની કલચર વજનના અલગ અલગ બે શેર વાળો સોનાનો મોતી માળા (૫ ગ્રામ), ત્રણ

દાગીના તથા અન્ય કિંમતી માલ ભરેલી બેગો પણ ગાડીમાંથી ગાયબ હતી. તેમની ગાડીમાંથી ૭ જોડી ચપલાહાર (૩૦ ગ્રામ), ત્રણ શેરવાળી સોનાની મગમાળા (૪૦ ગ્રામ), બે નંગ બુટ્ટી સાથેનો સોનાનો સેટ (૫૦ સોનાના પાટલા (૩૦ ગ્રામ), બે નંગ સોનાની ડાયમંડ વાળ વીંટી (૫ ગ્રામ), બે નંગ બુટ્ટી (૫ ગ્રામ), ચાંદીનો ઝુડો (૧૦૦ ગ્રામ) તેમજ મોબાઈલ ફોન, રોકડ રૂપિયા, ૧૫ હજાર રોકડ અને અન્ય દસ્તાવેજો ચોરી થઈ જવા પામ્યા હતા.

આ ચોરીનો ઉહાપોહ ચાલતો હતો ત્યાં શ્રીમંદિર પાસે અન્ય ત્રણ ગાડીના કાચ તુટ્યા હોવાની પણ જાણ થઈ હતી જે પૈકી બે ગાડીમાંથી કાંઈ ગયું ન હતું પરંતુ એક આઈ-૨૦ ગાડીમાંથી રોકડ રૂ. ૨૦ હજાર તથા બે મોબાઈલો ચોરી થઈ ગયા હતા. જામનગરના અશ્વિનભાઈ સીતારામ પાલે આ ફરિયાદ આપતા અડાલજ પોલીસે બબ્બે ચોરી દાખલ ન કરવી પડે અને ચોરીના આંકડા છુપા રહે તે માટે એક જ ફરિયાદમાં ઉલ્લેખ કરી નાંખ્યો છે.

વાતવાતમાં

● દિવાળીના તહેવારોમાં આનંદ કરતા નગરજનોમાં ફોટા પડાવવાનો ક્રેઝ પણ ખૂબ જ વધારે જોવા મળી રહ્યો છે પરંતુ આ ક્રેઝ શહેરના એક યુવાનને મોંઘો પડયો હતો. સે-૨૨માં આ યુવાને કોઈકની નવી કાર જોઈ ફોટો પડાવવા તેને ટેકો દઈને ઉભો રહી પોઝ આપી રહ્યો હતો ત્યારે તેના વજનથી કારને ગોબો પડી જતા કાર માલિક રોષે ભરાયો હતો અને છેવટે યુવાને પોતાના ખર્ચે ગોબો રીપેર કરાવવો પડયો હતો.

● આ વર્ષે દિવાળીમાં નગરજનોએ રૂબરૂ શુભેચ્છા પાઠવવા કરતા સોશિયલ મિડીયા થકી જ શુભેચ્છાઓ પાઠવવાનું વધુ મુનાસીબ માન્યું છે. આ કારણે મોબાઈલમાં મેસેજીસની સંખ્યા એટલી વધી જવા પામી છે કે નગરજનોને મોબાઈલની બેટરી દિવસમાં ત્રણ વાર ચાર્જ કરવી પડે છે અને વારંવાર મેમરી ફુલ થઈ જતા ઘણો બધો ડેટા ડિલીટ કરવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

● દિવાળીના તહેવારના પગલે શહેરમાં પ્રવાસીઓની સંખ્યામાં ખુબ વધારો થતા અમદાવાદ અને અન્ય બહારગામના સ્થળોને જોડતા મુખ્ય માર્ગો પર ટ્રાફિક વધુ જોવા મળી રહ્યો છે. આ સાથે નગરમાં રજાઓનો માહોલ હોવાથી મોટા ભાગના બજારો બંધ છે જેથી અન્ય માર્ગો તથા સેકટરોના આંતરિક માર્ગો સુમસામ ભાસી રહ્યા છે.

● ગાંધીનગરની નાથીબા આર્ટસ એન્ડ ઉમાબા કોમર્સ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોશીપુરા તથા શહેરના જાણીતા બાળરોગ નિષ્ણાંત ડૉ. ધારા નાણાવટી રવિવારે ગિરનારની પરિક્રમાએ જવા રવાના થશે. આ પરિક્રમા કુલ ૨૭ કિમીની હોય છે જે એક જ દિવસમાં પગપાળા ચાલીને પુરી કરવાની હોય છે.

ગાંધીનગરના આઈએએસ વાઈવ્ઝ એસોસિએશને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરને દત્તક લીધેલ છે. દિવાળી બાદ આ એસોસિએશન શુક્રવારે ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરની મુલાકાત લેનાર છે. જેના પગલે ગુરુવારે સમગ્ર શોપીંગ સેન્ટરની સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં વધુ બે ઘરફોડ ૪.૨૭ લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા. ૩

દિવાળીની રજાઓમાં ઘરફોડ તસ્કરોને જાણે છુટ્ટો દોર મળી ગયો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આજે વધુ બે ઘરફોડની ફરિયાદોએ આ હકીકત ઉજાગર કરી છે. ગાંધીનગરની જીઈબી કોલોની ખાતે થયેલી ઘરફોડમાં રૂ. ૯૭ હજારના દાગીના અને દહેગામના ખારા કુવાના ખાંચામાં પુજા ફલેટમાં થયેલ ઘરફોડ ચોરીમાં કુલ રૂ. ૩.૩૦ લાખની ચોરી થવા પામેલ છે.

જીઈબી કોલોનીમાં ઈ-ટાઈપ આવાસના મકાન નં. બી-૨૪/૨માં રહેતા હુરસિંગભાઈ રસુભાઈ ડામોરના ઘરે ગઈકાલે રાત્રે ઘરફોડ ચોરોએ હાથ સાફ કર્યો હતો. ફુરસિંગભાઈ પરિવાર સાથે દિવાળી કરવા તેમના વતન દાહોદ તરફ ગયા હોઈ તેનો લાભ ઉઠાવી તસ્કરોએ તેમના મકાનમાંથી આશરે રૂ. ૯૭ હજારના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. તે બાબતે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે. આ સાથે દહેગામ ખાતે ખારાકુવાના ખાંચમાં પૂજા ફ્લેટમાં મકાન નં. બી/૨૦૩માં રહેતા હરસિદ્ધકુમાર રમણલાલ પટેલ પણ પરિવાર સહિત દિવાળીની રજાઓમાં તેમના માસાના ઘરે બારેજા ગામે ગયેલા હતા ત્યારે તસ્કરોએ મકાનનું તોળુ તોડી બેડરૂમમાં રાખેલ તિજોરીનો દરવાજો તોડી આશરે રૂ. ૩.૩૦ લાખના સોના-ચાંદીના દાગીના ચોરી લીધા છે. આ બાબતે હરસિદ્ધકુમારે દહેગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.

અગોરા મોલના એ.જી.એમ. સાથે મારઝુડ કરીને લુંટી લેવાયો

મોલમાં સીડીઓ ચઢવા બાબતે બબાલ થતા ફોન કરીને ટોળુ ભેગુ કર્યું : એ.જી.એમ.એ પહેરેલા દાગીના તથા રોકડ મળી દોઢ લાખની મત્તા લુંટી લેવાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા અગોરા મોલમાં બેસતા વર્ષે સીડીઓ ચઢવા બાબતે ટકોર કરતાં એ.જી.એમ. પર હુમલો થયો હતો. મારઝુડ કર્યા બાદ ટોળાએ એ.જી.એમે પહેરેલી સોનાની ચેઈન, બ્રેસલેટ અને કિંમતી ઘડિયાળ ઉપરાંત ઉપરાંત રૂ. ૭૫ હજાર રોકડા લુંટી લીધા હોવાની પોલીસ ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. પોલીસે ઘટના અંગે એ.જી.એમ.ની ફરિયાદને આધારે લુંટનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ બેસતા વર્ષે અગોરા મોલમાં ફરી રહેલા ભરવાડ યુવાનો સરકતી સીડીઓમાં ઉંધા ઉભા રહ્યા હતા. તેમને સીધા ઉભા રહેવા એ.જી.એમ. પંકજ દુબેએ ટકોર કરતા બોલાચાલી થઈ ગઈ હતી. ફોન કરીને અને સાથીઓને અગોરા મોલના ગેટ પાસે બોલાવી લઈ આશરે ૧૦ થી ૧૨ શખ્સોએ મળીને એ.જી.એમ. પંકજ દુબે પર હુમલો કર્યો હતો અને તેમણે પહેરેલી અઢી તોલા વજનની સોનાની ચેઈન, સોનાનું બ્રેસલેટ, બ્રાન્ડેડ કાંડા ઘડિયાળ અને રૂ. ૭૫ હજાર રોકડા મળી કુલ રૂ. ૧.૫૦ લાખની મત્તાની લુંટ કરી મારઝુડ કરીને તે શખ્સોનું ટોળુ જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયું હતું. આ મામલે પંકજ દુબેની ફરિયાદ આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ પી.સી. સરવૈયાએ ઉંડી તપાસ શરુ કરી છે.

ગરીબ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવતા પ્રફુલ્લાબેન

સમાજસેવિકા પ્રફુલ્લાબેન ભાવસારે રક્ષાશકિત સર્કલે ધોળાકુવાના શ્રમજીવી પરિવારોના બાળકોને મિઠાઈ-ચોકલેટ-બિસ્કીટ વગેરેનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૩

દિવાળીનો તહેવાર એટલે ખુશીઓની વહેંચણીનો તહેવાર, દિવાળીમાં દરેકને આનંદિત થવાનું અને અન્યને પણ આનંદિત કરવાનું ગમે છે. શહેરના જાણીતા સમાજસેવિકા તથા મહિલા કાર્યકર પ્રફુલ્લાબેન ભાવસારે આ પ્રસંગે ધોળાકુવા ગામના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોને મિઠાઈ ચોકલેટસ, બિસ્કીટ ઉપરાંત ચા ખાંડની કીટનું વિતરણ કરી તેમના ચહેરા પર ખુશીનું સ્મિત રેલાવવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો.

ધોળાકુવા પાસેના રક્ષાશકિત સર્કલ નજીક ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારો અત્યંત દારૂણ્ય હાલતમાં જીવી રહ્યાં છે. તેમને રોજે રોજ કમાઈને રોજનું બે ટંક માંડ ખાવા મળે છે તેવી પરિસ્થિતિમાં તેઓ દિવાળીમાં પોતાના બાળક માટે મિઠાઈ વગેરે ખરીદવા કયાંથી સક્ષમ હોય? આ કારણે દિવાળી જેવા તહેવારમાં જયાં આખી દુનિયા આનંદ ઉલ્લાસમાં મગ્ન હોય ત્યારે ખાંડ વગેરેનું વિતરણ કરી તેમના ચહેરા પર તહેવારની ખુશી લાવવા પ્રફુલ્લાબેનની આંખમાંથી હર્ષના આંસુ સરીપડયા હતા. તેમણે આશરે

આ બાળકો નિઃસાસા નાંખતા હોય છે. આ કારણે સમાજસેવિકા પ્રફુલ્લાબેને આ પરિવારના બાળકોને મિઠાઈ ચોકલેટ બિસ્કીટ ઉપરાંત ચા-પ્રયત્ન કર્યો હતો. બાળકો પણ તેમને જોઈ આનંદિત થઈ આત્મીયતાથી 'મેડમ આ ગયે, મેડમ આ ગયે' એવી ચિચિયારીઓ પાડવા લાગતા પંદર જેટલા પરિવારોના બાળકોને કીટની વહેંચણી કરી હતી. અને સાથે શ્રમજીવી પરિવારોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

ઘ-માર્ગ પર બેફામ જતી કારની ટકકરે વૃદ્ધાનું મૃત્યુ

પ્લેઝર લઈને સે-૩નું વૃદ્ધ દંપતિ જઈ રહ્યું હતું ત્યારે સે-૬/૭ના બસ સ્ટેન્ડ સામે સ્વિફટ ડિઝાયરના ચાલકે અડફેટે લીધા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૩-બી ખાતે રહેતું વૃદ્ધ દંપતિ પોતાના ટુ વ્હીલર પ્લેઝર લઈને સવારે ઘ માર્ગ પરથી પસાર થઈ રહ્યું હતું તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલી સ્વિફટ ડિઝાયરે પ્લેઝરને જબરજસ્ત ટકકર મારતા વૃદ્ધ પતિ-પત્નિ ગંભીર રીતે ઘવાયા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વૃદ્ધાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે તેમના પતિ સારવાર હેઠળ છે. સે-૭ પોલીસે સ્વિફટ ડિઝાયરના ડ્રાઈવર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સે-૩-બી પ્લોટ નં. ૩૭૨/૨ ખાતે રહેતા વૃદ્ધ કિર્તીભાઈ શાહ તેમની પત્નિ જયોત્સનાબેનને પોતાના ટુ વ્હીલર પ્લેઝરમાં બેસાડીને ઘ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. ઘ માર્ગ પર સડસડાટ નિકળેલી સ્વિફટ ડિઝાયર ગાડી નં. જીજે ૬ એફ.કયુ. ૮૩૬૧ના ડ્રાઈવરે પ્લેઝરને અડફેટે લઈ લેતા વૃદ્ધ દંપતિ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને બંનેને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા જયાં જયોત્સનાબેનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ કિર્તીભાઈ શાહની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંગે મૃતકના દિકરા જતીનભાઈ શાહની ફરિયાદ આધારે સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ ડિઝાયર ચાલક સામે ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

દિવાળી બાદ શટલિયા વાહનચાલકોને દિવાળી...!!

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં દિવાળીની રજાઓમાં અમદાવાદ તથા આસપાસના વિસ્તારના સહેલાણીઓ માટે હાથવગું પિકનિક સ્પોટ બની જવા પામ્યું છે. આ દિવાળીની રજાઓમાં અમદાવાદથી ગાંધીનગર આવતા પ્રવાસીઓમાં ખૂબ વધારો થતા ખાનગી શટલિયા જીપો તથા વાહન ચાલકોને તડાકો પડી ગયો છે. મુસાફરોના વધેલા ટ્રાફિકના પગલે વાહનચાલકો દિવસના પથી ૭ ફેરા વધુ કરી રહ્યા છે અને સાથે સાથે ભાડું પણ દોઢું વસુલી રહ્યા છે.

દિવાળી એ દરેક વ્યવસાયિકો માટે ધંધામાં તેજી લાવવા કારણભૂત બનતી હોય છે તેવું માનવામાં આવે છે. ગાંધીનગરના શટલિયા વાહનચાલકો જેઓ રોજે રોજ અમદાવાદ-ગાંધીનગરના ફેરા કરે છે તેવા જીપ, વાન તથા અન્ય વાહનોના ચાલકો માટે ધંધામાં ભરપૂર તેજી આવી જવા પામી છે. દિવાળીની રજાઓ માં અમદાવાદથી ગાંધીનગર ફરવા આવતા સહેલાણીઓની સંખ્યા વધી જતા આ શટલિયા વાહનચાલકો કે જેઓ સામાન્ય દિવસોમાં રોજના ૧૦ થી ૧૨ ફેરા કરતા હોય છે તેઓ પણ ૧૫ થી ૧૭ ફેરાં કરી રોકડી કરી રહ્યાં છે. વધુ એટલું પુરતુ ના હોય તેમ નિયમિત ભાડાં કરતા દોઢી રકમ પણ ભાડાં પેટે વસુલી સહેલાણીઓની મજબુરીનો લાભ ઉઠાવાઈ રહ્યો છે. આમ પણ દિવાળીની સીઝનમાં પેસેન્જર્સની સંખ્યા વધતા દરેક જગ્યાએ વધુ ભાવ વધારો વસુલવામાં આવે છે અને મુસાફરો પરિવાર સાથે ફરવા નીકળ્યા હોય એટલે મજબુરીમાં વધુ પૈસા ચુકવવા પડે છે.

અમદાવાદ તરફથી આવતા સહેલાણીઓની સંખ્યા વધતા તડાકો : આશરે રોજના ૧૦ થી ૧૨ની જગ્યાએ ૧૫થી ૧૭ ફેરાં : ભાડું પણ દોઢું વસુલાય છે : ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી

શહેરના શટલિયા વાહન ચાલકોએ ફેરાની સંખ્યા વધુ કરી, ભાડા વધાર્યા એ ઉપરાંત ટ્રાફિકના નિયમોની પણ ઐસી તૈસી કરી વાહનમાં ખીચોખીચ મુસાફરો ભરી જોખમરૂપ ફેરા મારી રહ્યા છે. આ સાથે તેઓ વધુ ફેરા મારી શકાય હોય તેટલી વધુ રોકડી કરી લેવા વાહનની ગતિ પણ બેફામ રીતે વધારીને મુસાફરોના જીવના જોખમે ફેરાં મારી રહ્યા છે. આમ દિવાળીની સીઝનનો લાભ લઈ વધુ નાણાં રળવા ગાંધીનગર-અમદાવાદના શટલિયા વાહનચાલકો દરેક પ્રકારે જોખમી મુસાફરી સાથે વધુ ભાડાં વસુલી પોતાની દિવાળી સુધારવાની મથામણ કરતા નજરે ચઢી રહ્યાં છે.

ખડાયતા સમાજના કોટીયર્ક ઉત્સવનું આયોજન

ગાંધીનગરના ખડાયતા વૈષ્ણવ બંધુઓની સંસ્થા શ્રી સમસ્ત ખડાયતા સમાજ દ્વારા તા. ૧૧મી નવેમ્બર શુક્રવારે સે-૨ ઉની લગ્નવાડી ખાતે પરંપરાગત રીતે 'કોટીયર્ક ઉત્સવ વર્ષ-૨૦૧૬'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવના પાસ હવેલી મંદિરમાંથી કારોબારી સભ્ય બી.જે. શાહ પાસેથી મેળવી લેવા તમામ જ્ઞાતિ બંધુઓને સમાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચિરવિદાય

- સ્વ. સણગારબા હિંમતસિંહ ડાભી, ઉ.વ. ૬૫
- સ્વ. ચહેરાજી બેચરજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. ભરતકુમાર કરૂણાશંકર રાવલ, ઉ.વ. ૬૨
- સ્વ. ભૂપેન કુંદનકુમાર પટેલ, ઉ.વ. ૩૫
- સ્વ. મનુભાઈ કરશનભાઈ મકવાણા, ઉ.વ. ૭૦